2

# વિભાગ-2

## ક્ષય, રક્તપિત્ત, કેન્સર તથા મૂત્રપિંડના રોગોથી પીડાતા કર્મચારીઓ માટે સારવારના સુધારેલા નિયમો.

**સંદર્ભ :** (સ.ઠ.આ અને પ.ક. વિભાગ ક્રમાંક : ટીબીસી/1088/2352, તા. 15-7-1989 મુજબ અમલ તા. 1-7-1989 થી કરવાનો છે.

**વંચાણે લીધો :** (1) આ અને પ.વિ.ઠ.ક.ટીબીસી/1071/2248/(80)ઘ. તા. 1-6-81

(2) આ અનુ પ.ક.વિ.ઠ.ક. ટીબસીસી/1083/187/ઘ તા. 17-2-83

અત્યાર સુધી બહાર પાડેલ બધા નિયમો અને હુકમો રદ કરીને આ સાથે સમાવિષ્ટ ક્ષય, રક્તપિત્ત, કેન્સર તથા મૂત્રપિંડના રોગોથી પીડાતા કર્મચારી માટેના સારવારના નિયમો અપનાવવાની આથી મંજૂરી આપવામાં આવે છે. આ હુકમોનો અમલ તા. 1-7-89 થી કરવાનો રહેશે.

આ ઠરાવ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઈલ પર નાણા વિભાગની તા. 6-7-89 ની નોંધણી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ફેફસાનો ક્ષયરોગ, ક્ષય, પ્લુરસી તેમજ ફેફસાં સિવાયના ક્ષયરોગથી પીડાતા તથા રક્તપિત્ત, કેન્સર અને મુત્રપિંડના, રોગથી પીડાતા ગુજરાત સરકારના કર્મચારીઓ (પોલીસ કર્મચારી સિવાયના) માટેના ખાસ સવલતોને લગતા નિયમો :

### નિયમ - 1 રોગની શંકા અને નિદાન :

ગુજરાત રાજ્યના સરકારી કર્મચારીઓ જેઓ શંકાસ્પદ ક્ષયરોગથી પીડાતા તથા આ નિયમો હેઠળ આવરી લેવાયેલ અન્ય રોગથી પીડાતા જણાય તેઓને ચિકિત્સા અને અભિપ્રાય માટે સરકારી હોસ્પિટલના નિષ્ણાત તબીબી અધીકારી સમક્ષ મોકલી શકાશે અને તેવા તબીબી નિષ્ણાતોને યોગ્ય લાગે તો દર્દીને એક્સ રે લેબોરેટરી વગેરેની તપાસ પણ કરાવી શકાશે અથવા જે હોસ્પિટલમાં આવી સગવડ હોય ત્યાં તપાસ માટે મોકલી શકાશે અને આવી તપાસ અંગેની કોઈપણ પ્રકારની ફી દર્દી પાસેથી વસુલ કરવામાં આવશે નહિ.

### નિયમ - 2 સારવાર માટે રજા :

2 (ક) : ધ્યાનપુર્વકની તપાસણી બાદ દર્દી દર્દથી પીડીત, જણાય તો સંબંધિત સરકારી કર્મચારીને તે માટેના માન્ય તબીબી અધિકારી તરફથી ભલામણ થયા મુજબની રજા, જે રજા સામાન્ય અગર ખાસરજના નીયમો અગર સુધારેલ રજાના નિયમો પ્રમાણે મળતી બધી જ રજાઓ મંજૂર કરવી જે કર્મચારીની છ માસ કરતાં વધુ સમયની હક્ક રજા (Leave on average pay) સિલકમાં હોય તેવા કિસ્સામાં આવા દર્દીને સારવારના છ માસ બાદ મેડીકલ બોર્ડ પાસે મોકલવો, પરતું આવી રજા પૂરી થવા આવે તે પહેલાં (જે કિસ્સામાં છ માસ કરતાં હક્ક રજા ઓછી હોય તો તે સમય પૂરો કરવામાં ખૂટતા સમય માટેની આ પ્રકારના રોગ માટેની

રજા - સરેરાશ પગારની રજા મંજૂર કરવાની અને તેટલા સમય સુધી મેડીકલ બોર્ડ પાસે મોકલવાનું મુલતવી રાખવું. જેથી તે ફરજ પર હાજર થઈ શકે તેમ છે કે કેમ ? અને જો બોર્ડના અભિપ્રાય પ્રમાણે તે વધુ સારવાર બાદ ફરજ પર હાજર થવા લાયક જણાય તો તેવા દર્દીને હક્ક રજા પૂરી થઈ ગઈ હોય તો એક વર્ષ સુધીના સમયની આ પ્રકારના રોગ માટેની રજા (સરેરાશ પગારની) જે દરેક સરકારી કર્મચારીને મંજૂર કરવી. આ પ્રકારના રોગ માટેની સરેરાશ પગારની મંજૂર કરવામાં આવેલ રજા સરકારી કર્મચારીના રજાના હિસાબમાં ઉધારવાની રહેશે નહિ. આ પ્રકારની રજા પૂરી થયા બાદ અર્ધપગારી સરેરાશ રજા જો સિલકમાં હોય તો અને જો કોઈ કિસ્સામાં એમ જણાય કે દર્દીને સાજા થવા માટે વધારે સમય રજાની જરૂરત છે. તો તે મંજૂર કરવી. આવી અર્ધ પગારી સરેરાશ રજા પૂરી થયા બાદ સરકારી કર્મચારી આ પ્રકારના રોગથી પીડાતા હોય તેમને ત્યારબાદ સરકારી નોકરીમાં ચાલુ રહેવા માટે શારીરિક યોગ્યતાના પ્રમાણપત્ર સારુ મેડિકલ બોર્ડમાં હાજર થવા જણાવવું અને ત્યારબાદ મેડિકલ બોર્ડના અભિપ્રાયના આધારે ભલામણ થયા મુજબ બિન પગારની રજા મંજૂર કરવી. આમ બધી મળીને ત્રણ વર્ષના સમય કરતાં વધવી જોઈએ નહી. જો બોર્ડના અભિપ્રાય મુજબ દર્દી ફરજ પર પાછા આવી શકે તેમ ન હોય તેમને ફરજ પરથી મુક્ત કરવો.

2 (ખ) : ઉપલી પાયરી અથવા વર્ગ-4 ના હંગામી સરકારી કર્મચારીઓની નોકરી સળંગ રહે તે માટે જો આ પ્રકારના રોગ લાગુ પડેલ હોય અને સારવાર માટે સ્થાપિત થયેલ અને સરકારી માન્ય સંસ્થામાં સારવાર મેળવતા હોય અને સારવાર બાદ તેમની મૂળ જગ્યાએ પાછા આવવા સારુ તેઓને કિસ્સા પ્રમાણે અગર તો તબીબી પ્રમાણપત્રમાં આધારે મળવાપાત્ર રજા, ગુજરાત સિવિલ સર્વિસીઝ નિયમ G.C.S.R. - 782 અથવા નિયમ-14 (2) સુધારવામાં આવેલ રજાના નિયમ -1935 / એપેન્ડીક્સ-64 (અ) ગુજરાત સિવિલ સર્વિસીઝ 1959 પ્રત-2 અથવા નિયમ-6 (2) સુધારવામાં આવેલ રજાના નિયમો જે કાયમી અને હંગામી વેતન મેળવતા પ્રેસના કર્મચારીઓ (એપેન્ડીક્સ-64-બ્ર-મુંબઈ સિવિલ સર્વીસીઝ રુલ્સ 1959 પ્રત-2) પ્રમાણે મંજૂર કરવી. બિન પગારની રજા વધુમાં વધુ 12 માસ સુધી દર પ્રત્યેક સમયે નીચેની શરતોને આધીન મંજૂર કરવી :

(1) જે જગ્યા પરથી સરકારી કર્મચારી રજા ઉપર ઉતરે તે જગ્યા તેના પરત આવતા સુધી ચાલુ રહેવાની શક્યતા હોય.

(2) બિન પગારની રજા, તબીબી બોર્ડ તરફનું પ્રમાણપત્ર રજૂ કરવાની શરતે, જેમાં કેટલાં સમય સુધીની રજા ભલામણ દર્શાવેલ છે તે પ્રમાણે મંજૂર કરવાની રહેશે. અને

(3) તબીબી બોર્ડ, રજા ભલામણ કરતાં, ગુજરાત સિવિલ સર્વિસીઝ નિયમ-659 ની જોગવાઈ અને સરકારના ઠરાવ, નાણા વિભાગના નંબર/2534/33/તા. 16-5-1941 ધ્યાનમાં રાખશે.

2(ગ) બાર મહિના સુધીની બિન પગારની રજા હંગામી કર્મચારીઓ કે જેને તેવી સંસ્થાઓ જે માન્ય હોય અને સલત માટે સ્થાપિત હોય અથવા તેની ફરજના સ્થળની નજીક હોય ત્યારે ઘેર બેઠા સારવાર મેળવે તેઓને મળવાપાત્ર છે. સિવાય કે....

(1) સારવારને લાયકાત ધરાવનાર અને માન્ય રજીસ્ટર્ડ મેડીકલ પ્રેક્ટીશનર હેઠળ હોય અને

(2) તેવા તબીબી સારવાર આપનાર પાસેથી તે પ્રમાણપત્ર રજૂ કરે તે તેમની સારવાર નીચે છે. અને ભલામણ કરવામાં આવેલ રજાની મુદત પૂરી થાય ત્યાં સુધીમાં દર્દમાથી મુક્ત થવાના સબળ કારણ જણાય છે.

2(ઘ) : નિયમ મુજબ વધારેમાં વધારેના સમય માટે જેટલી બિન પગારની રજા મળવાપાત્ર હોય તે સંપૂર્ણ થતાં પહેલાં સંબંધિત સરકારી કર્મચારીને ફરજ પર હાજર થવા લાયક છે ? કે ફરજ માટે અશક્ત છે ? તેવી મતલબ ના અભિપ્રાય સારું તબીબી બોર્ડ પાસે ઉપસ્થિત થવા જણાવવું. અને જો સરકારી કર્મચારીને સારવારથી ઘણો ફાયદો જણાતો હોય અને હજી પણ થોડો વધારાના સમયથી જરૂરત જણાય, જેમ કે એકથી ત્રણ માસ જે ગાળામાં તે ફરજ પર હાજર રહી શકે તેવી તંદુરસ્તી પ્રાપ્ત થઈ શકશે. તો બીજા ત્રણ માસ સુધીના સમય-મર્યાદા જેટલી વધુ સમયની રજા મંજૂર કરવી જે માટે તે ફરજ પર તે રજાની મુદતની આખરે હાજર થઈ શકે, તેવી શક્યતાનું સર્ટીફિકેટ આપવામાં આવેલ હોય.

2(ચ) : બધા વિભાગોના વડાઓ અથવા કચેરીઓ, જેમને લાગુ પડતું હોય તેમણે સરકારી કર્મચારી કે જેને રોગની બિમારી લાગુ પડેલ છે તેમને મેડિકલ બોર્ડ સમક્ષ મોકલતી વેળાએ અવશ્ય જણાવવું જોઈએ કે તેવી સરકારી કર્મચારીએ આ પ્રકારના રોગની બિમારી અંગે મળતી સવલતથી બિન પગારી રજા કેટલી ભોગવેલ છે ? અને કેટલી રજા ભોગવાની બાકી મળવાપાત્ર રહેલ છે ? કે જેથી તબીબી બોર્ડને તેવી મતલબનો દાખલો આપતા અનુકૂળ રહે કે તેવા સરકારી કર્મચારી તેની બધી રજાઓ પૂરી થતાં પહેલાં સંભવિત જણાય કે તે ફરજ પર હાજર થઈ શકે તેમ છે.

2(છ) (1) : જે સરકારી કર્મચારીને આ પ્રકારના રોગની બિમારીના કારણસર બિનપગારી રજા ભોગવવી હોય તેમને તે સમય માટે વાર્ષિક ઈજાફા માટે ગણત્રીમાં લેવા સિવાય કે આવી બિન પગારી રજા ફરજ પરથી ગેરહાજરી શરૂ થયાની ત્રણ વર્ષની મુદત અંદર હોય તો ગુજરાત સિવિલ સર્વીસીઝ, નિયમ-50(બ) પ્રમાણે ઈજાફા મળવા ગણત્રીપાત્ર ઠરે છે.

2(છ) (2) : હંગામી સરકારી કે જે કોઈપણ જગ્યાની પરની નોકરી પર હક્ક ધરાવતો નથી અને આ પ્રકારના રોગથી પીડાય છે. તે પણ બિન પગારની રજાઓના ઈજાફા મેળવવાપાત્ર ઠરે છે.

2 (જ) : સરકારી કર્મચારી કે જે આ પ્રકારના રોગથી પીડાય છે. તેની તપાસ અર્થે નિયમિત અગર રચવામાં આવેલ ખાસ તબીબી બોર્ડ પાસે તપાસણી માટેનો ખર્ચ સરકારશ્રીએ ભોગવાનો રહેશે. જો તબીબી બોર્ડ તે જગ્યા રચવામાં આવેલ હોય કે જ્યાં સામાન્ય રીતે રચવામાં આવેલ, તેમ છતાં જો તબીબી બોર્ડ જ્યાં રચવામાં આવેલ હોય તે જગ્યા સામાન્ય રીતે રચવામાં આવે તેના કરતાં બીજે સ્થળે હોય જે સરકારી કર્મચારીની તબિયત વિગેરેના કારણે વિનંતીથી હોય ત્યારે ખરેખર ખર્ચ દા.ત. મુસાફરી ભથ્થાં અંગે થાય તે સરકારશ્રી ભોગવશે.

## નિયમ-3 ફરજ મોકુફી પરના કર્મચારીને સવલતો :

આ નિયમો હેઠળ મળવાપાત્ર સવલતો, સરકારી કર્મચારીઓને મળવાપાત્ર રજાઓ સિવાયની ફરજ મોકુફી પરના સરકારી કર્મચારીઓને પણ મળવાપાત્ર છે.

## નિયમ-4 રોગનો ફરીથી હુમલો

આ સવલોતોના લાભ જે આ નિયમોમાંથી મળે છે તે ફરીથી પણ સરકારી કર્મચારીઓને મળવાપાત્ર છે. જો કે એક વખત મેળવેલ હોય અને ફરજ પર હાજર થવા માટે યોગ્યતાનું પ્રમાણપત્ર સારવાર મળ્યા બાદ રજૂ કરેલ હોય અને ફરીથી આ પ્રકારના રોગનો હુમલો થવા પામે ત્યારે.

## નિયમ - 5 સારવાર માટેની સંસ્થાઓ :

રજા દરમ્યાન, સરકારી કર્મચારીએ સરકારી તબીબી સંસ્થામા સારવાર લેવાની હોય છે. જો તે ઈચ્છે કે તેને નિષ્ણાત ખાનગી તબીબી વ્યવસાય કરનાર અગર સરકાર માન્ય બિન સરકારી માટે નીચે દર્શાવેલ સંસ્થાઓ પાસે સારવાર મેળવી શકશે.

**ક્ષય રોગ માટે :**

1 ધી સીપ્લેવેશન આર્મીટ્યુબક્લોસીસ હોસ્પિટલ, આણંદ, જિ. ખેડા
2 ધી એન્ટી-ટ્યુબરક્લોસીસ, હોસ્પિટલ્ અને પરીન બાનું એન્ટી-ટ્યુબરક્લોસીસ ડીસ્પેન્સરી, અશ્વિન કુમાર રોડ, પી. ઓ. કાતારગામ જિ. સુરત
3 ધી કે. જે. મહેતાટીબી, હોસ્પિટલ, અમરગઢ(સૌરાષ્ટ્ર) જે સ્થાનિક રીતે જીંથરી હોસ્પિટલ તરીકે ઓળખાય છે.
4 શ્રી દરબાર ગોપાલદાસ દેસાઈ એન્ટી ટીબી, ક્લિનિક, આણંદ, જિલ્લો ખેડા
5 શ્રી બાસુદીવાલા ટીબી. સેનેટોરીયમ, કોઠારિયા, જિ. રાજકોટ
6 શ્રી એ.વી. જસાણી ટી.બી. સેનેટેરિયમ, કોઠારિયા, જિ. રાજકોટ
7 શ્રી સી.યુ.શાહ ટીબી. સેનેટેરિયમ, સુરેન્દ્રનગર
8 ભારતીય આરોગ્યનિધિ, ટી.બી. સેનેટેરિયમ, પાટણ, જી. મહેસાણા
9 શ્રી બી. એસ. નથવાણી હોસ્પિટલ, કેશોદ, જિ. જુનાગઢ
10 માંડવી જીલ્લા ટી.બી., એસોસિએશન, માંડવી (કચ્છ)
11 શ્રીમતી સી.એમ. ગાંધી ટી.બી. હોસ્પિટલ, ઉના જિ. જુનાગઢ
12 શ્રી સી. જે. ફીઝીવાલા, આરોગ્યભવન, ધર્મજ, જિ. ખેડા
13 વડોદરા જિલ્લા ક્ષય એસોસીએશન, વડોદરા
14 માંડવી ડીસ્ટ્રીક્ટ ટી.બી. એસોસિયેશન, મસ્કા તાલુકો માંડવી (કચ્છ)
15 ટી.બી. સેનેટોરિયમ, સાદરા જિ. અમદાવાદ

**રક્તપિત્ત માટે :**

1 ધી પાર્વતીબાઈ લેપ્રસી ઈન્ફરમરી એન્ડ ધી લેડી વિલસન લેપ્રસી ક્લિનિક, અશ્વિનકુમાર રોડ, સુરત

2 શ્રી મેઘજી પ્રેથરાજ શાહ કષ્ટ નિવારણ ધામ, રૂઆપુરી રોડ, ભાવનગર

3 વડોદરા જિલ્લા એન્ટી લેપ્રસી એસોસિએશન, વડોદરા

**કેન્સર માટે :**

1 શ્રી એમ. પી. શાહ કેન્સર હોસ્પિટલ, અમદાવાદ

2 શ્રી નાથાલાલ પારેખ, કેન્સર હોસ્પિટલ, રાજકોટ

તબીબી અધિકારીશ્રીએ દર્દીજી હાલત ધ્યાનમાં રાખીને તેમને યોગ્ય જણાય તેવી રીતે દર્દીને હોસ્પિટલ અગર સેનેટોરિયમમાં અંદરના દર્દી તરીકે સારવાર મેળવવા અગર તો બહારના દર્દી તરીકે સારવાર લઈ શકશે તે મતલબનો નિર્ણય તેમની મુનસુફી ઉપર લેવાનો રહેશે.

## નિયમ - 6 રાહત માટે દર્દીએ આપવાનું જાહેરનામું

ઠરાવેલ રાહત મેળવવા માટે દર્દીએ નીચે પ્રમાણેનું જાહેરનામું અધિકૃત તબીબી ચિકિત્સકની કાઉન્ટર સાઈનવાળું રજુ કરવાનું રહેશે.

**જાહેરનામું**

આથી હું જાહેર કરું છું કે ડૉ. શ્રી ............................................ ના હાથે નીચે રોગની સારવાર હેઠળ હતો અને તેમની સલાહ પ્રમાણે ખાસ ખોરાક તેમ જ દવાઓ જેવી કે .................................... લીધેલ જે માટે મેં તા. .................... થી તા. .................. ના સમય દરમ્યાન માસિક રૂ. .................... લેખે ખર્ચ કરેલ છે. હાલ મારો માસિક પગાર રૂ. ................................ લેખે છે.

કર્મચારીની સહી..............

સ્થળ : ...............

તારીખ : ............ અધિકૃત તબીબી ચિકિત્સકની સહી તથા હોદ્દો..............

## નિયમ -7 (ક) : અંદરના દર્દી તરીકે સારવાર અને નાણાંકીય સહાય

સરકારી કર્મચારી, જેને સરકારી હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે પ્રવેશ શક્ય ન હોય, જ્યાં ક્ષય રોગની યોગ્ય સારવાર પ્રાપ્ય હોવા છતાં અથવા તો ખાનગી ટીબી સેનેટોરીયમ અગર હોસ્પિટલ અગર ખાનગી તબીબી વ્યવસાયદર પાસે સારવાર લેવા માટે મંજૂરી આપવામાં આવેલ હોય તેમને નીચે મુજબના લાભ પ્રાપ્ય હશે.

(1) ક્ષય, રક્તપિત્ત, કેન્સર, રોગથી પીડાતા સરકારી કર્મચારીઓ પોતાનાં ઘેર બેઠાં સારવાર મેળવતા હોય, સેનેટોરિયમ અથવા હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે તેમને સારવાર દરમ્યાન ખાસ ખોરાક દવાઓ

માટે બાંધેલ દરે નીચે મુજબ ઉચ્ચક દર મળવાપાત્ર થશે.

| | પગાર મર્યાદા | ખર્ચના ઉચ્ચક દર |
|---|---|---|
| (અ) | માસિક પગાર/પેન્શન રૂ. 1600 સુધી | રૂ. 175/- માસિક |
| (બ) | પગાર/પેન્શન/રૂ. 1601 થી રૂ. 3000 સુધી | રૂ. 125/-માસિક |

(2) ક્ષયરોગ, રક્તપિત્ત, કેન્સર રોગથી પીડાયા પછી ફરજ પર હાજર થવા માટે લાયક જાહેર કરવામાં આવેલા કર્મચારીઓને વધારાનાં ખોરાક તથા શક્તિવર્ધક દવાઓ માટેનું નીચે મુજબ મળવાપાત્ર છે.

| | હાજર થયા પછી 9 માસ સુધી પગાર મર્યાદા | ભથ્થું |
|---|---|---|
| (1) | માસિક પગાર રૂ. 1600 સુધી | રૂ. 75/- માસિક |
| (2) | માસિક પગાર રૂ. 1600 થી ઉપર | રૂ. 50 |

(3) ક્ષય, રક્તપિત્ત, કેન્સર રોગથી પીડાતા હોય, પરંતુ કોઈપણ રજા ભોગવ્યા સિવાય ફરજ પર હાજર હોય એવા સરકારી કર્મચારીઓ નીચે પ્રમાણે નાણાંકીય રાહતો માટે હકદાર રહેશે :

| | પગાર ભથ્થું 9 માસ સુધી | ખર્ચ |
|---|---|---|
| (1) | માસિક રૂ. 1600 સુધીનો પગાર | માસિક રૂ. 75 |
| (2) | માસિક રૂ. 1600 થી ઉપરનો પગાર | માસિક રૂ. 50 |

## નિયમ-7 (ખ) કીડનીના દર્દથી પીડાતા દર્દીને સહાય

કીડનીના દર્દથી પીડાતા સરકારી કર્મચારીઓને નિયમ 7 (ક) ની જોગવાઈ નીચેની શરતોને આધીન લાગુ પાડવામાં આવે છે.

(1) કીડની (મૂત્રપિંડ) ના દર્દથી પીડાતા સરકારી કર્મચારીઓ, સરકારી હોસ્પિટલ અગર તો ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો 1964 (હવે 1977) હેઠળ તબીબી સારવારના હેતુસર માન્યતા મેળવેલ સરકારમાન્ય હોસ્પિટલમાં અંદરના દર્દી તરીકે કીડની (મુત્રપિંડ) ના દર્દીની સારવાર માટે દાખલ કરવામાં આવે તો આ સારવાર દરમ્યાન નિયમ-7 (ક) (1) હેઠળ ખાસ ખોરાક દાવાઓ માટે બંધાયેલ ઉચ્ચક દર મળવાપાત્ર થશે.

(2) ઉપર દર્શાવેલ (1) નો ઉલ્લેખિત જોગવાઈ મુજબ સારવાર મેળવ્યા બાદ અંદરના દર્દી કે હોસ્પિટલમાંથી રજા આપવામાં આવેલ હોય પરંતુ ડાયાલીશસ માટે તબીબી સલાહ મેળલ હોય તેવા કર્મચારીઓને 7(ક) (2) મુજબ નાણાકીય સવલતો ઈન્સ્ટીટ્યુટ ઓફ કીડની ડીસીઝ અને રીચર્સ સેન્ટર, સિવિલ હોસ્પિટલ, અમદાવાદ-16 ની કીડની વિભાગના મુખ્ય તબીબી અધિકારી અથવા આસીસન્ટ કીડની અધિકારીનું ભલામણ સાથેનું પ્રમાણપત્ર મેળવ્યાની તારીખથી તેમને સૂચવેલ સમય માટે અથવા વધુમાં વધુ નવ માસ સુધી મળવાપાત્ર થશે.

(3) કીડની (મૂત્રપિંડ) ના દર્દથી પીડાતા હોય તેવા કર્મચારીની બંને કીડનીઓ અંશતઃ કાર્ય કરતી હોય અથવા બે કીડનીઓ પૈકી એક તદ્દન બિન કાર્યક્ષમ હોય અને ઓપરેશન વિના વિલંબ સમય સુધી બહારના દર્દી તરીકે અથવા ઘેર બેઠા સારવાર લેવા તબીબી સલાહ મળી હોય તેવા કર્મચારીઓને ચિકિત્સા અને અભિપ્રાય માટે ઈન્સ્ટીટ્યુટ ઓફ કીડની ડીસીઝ અને રીસર્ચ સેન્ટર સિવિલ હોસ્પિટલ, અમદાવાદ ખાતે ચકાસણી અર્થે મોકલવાના રહેશે અને કીડની વિભાગના મુખ્ય તબીબી અધિકારીનું લેખિત પ્રમાણપત્ર મેળવ્યાની તારીખથી નિયમ (7) (ક) (1) હેઠળ મળતી નાણાંકીય સવલતો મેળવવા હકદાર બનશે.

## નિયમ - 8 સાજા થયા બાદ ફેર તબીબી તપાસ :

તબીબી બોર્ડની સચોટ તપાસણી બાદ જો એરેસ્ટેડ (arrested) સંપૂર્ણપણે રોગ મુક્ત ન હોય તેવો જાહેર કરવામાં આવે અને વ્યક્તિને ફરજ પર હાજર થવા યોગ્ય જાહેર કરવામાં આવે તે નીચેની શરતોએ નિમણુંક પર ચાલુ રાખવો.

(ક) તે કર્મચારી યોગ્ય તબીબી દેખરેખ નીચે રહે અને યોગ્ય લાયકાત ધરાવતા તબીબી પ્રેક્ટીશનરને સરકારી તબીબી અધિકારીએ માન્ય રાખેલ હોય તેની પાસે સારવાર લેવાની રહેશે. અને જે અંગે તે ખાસ રજીસ્ટર રાખશે જેથી કરીને દર્દી વખતોવખત નિયમિત પોતાના જ હિતમાં તથા જાહેર આરોગ્યના હિતમાં તેની સંભાળ રાખી શકાય.

(ખ) જે સરકારી કર્મચારીને આ પ્રકારના શંકાસ્પદ રોગ જણાય અગર તો એરેસ્ટેડ (સંપુર્ણ રોગ મુક્ત ન હોય તેવો) રોગની અસર હોય તેણે યોગ્ય સરકારી તબીબી અધિકારી પાસે અને જરૂર જણાય તો સક્ષમ અધિકૃત ચિકિત્સક જે આ પ્રકારના રોગ માટે અને સરકાર માન્ય હોય તેને તેની પાસે સમયના અંતરે ફરીથી તપાસણી કરાવવાની રહેશે. આ ફરી તપાસણી સરકારી તબીબી અધિકારીએ મફત કરવાની રહેશે.

(ગ) જે સરકારી કર્મચારી આ પ્રકારના રોગથી પીડતા હોય અને ફરજ પર હાજર થવા માટે યોગ્ય હોવાનું રજાની મુદત પુરી થતાં જાહેર કરવામાં આવે તેણે નજીકની સિવિલ હોસ્પિટલ કે માન્ય હોસ્પિટલમાં સલાહ પ્રમાણે ચેક-અપ માટે હાજર થવું. આ પ્રકારની ચકાસણી તબીબી નિષ્ણાતને જરૂરી જણાય ત્યાં સુધી ચાલુ રાખવી. આ અંગેનું મુસાફરી ખર્ચ તેવા સરકારી કર્મચારી માટે સરકારશ્રી ભોગવશે.

## નિયમ-8 (ક) મુસાફરી ભથ્થું

સરકારે તબીબી સંસ્થાઓમાં તબીબી તપાસણી માટે જવા આવવા સરકારી કર્મચારીઓને નિયમ મુજબનું મુસાફરી ભથ્થું મળવાપાત્ર રહેશે. આ પ્રકારનું મુસાફરી ભથ્થું કોઈપણ સરકાર માન્ય સંસ્થામાં જવા આવવા માટે પણ મળવાપાત્ર રહેશે.

## નિયમ-9

(ખ) સથવારો જો હોય અને દર્દી (સરકારી કર્મચારી) સાથે જાય તો તે તેને જે યોગ્ય વર્ગમાં ખરેખર મુસાફરી કરી હોય તેનું ભાડું મંજુર કરવું.

## નિયમ - 10 સારવાર બાદ હાજર થવું.

જે સરકારી કર્મચારી આ પ્રકારના રોગનો દર્દી હોય અને તે પોતાની ફરજ બજાવવા માટે પ્રમાણિત કરવામાં આવેલ હોય તેવાં સંજોગોમાં સંબંધિત ખાતાઓ તેવા કર્મચારીને તબીબી અધિકારીની ભલામણ મુજબ શક્ય હોય તો બીજા એક વર્ષ અગર હતો વધારે સમય માટે હળવા પ્રકારની ફરજ સોંપવી અને દરરોજ અથવા પ્રસંગોપાત આરામનો થોડો સમય ફાળવવો.

## નિયમ-11 હંગામી અને વર્કચાર્જ કર્મચારીઓને સારવાર

હંગામી સરકારી કર્મચારીઓ જેમની સળંગ નોકરી બે વર્ષ કરતાં ઓછી ન હોય તેઓને પણ આ નિયમો હેઠળનો લાભ મંજૂર કરી શકાય. હંગામી કર્મચારીને આ નિયમ હેઠળ જે સવલતો મળે તેનો લાભ સરકારી કર્મચારી જેઓ વર્કચાર્જ એસ્ટાબ્લિશમેન્ટ ઉપર કામ કરતા હોય અને જેમની સળંગ નોકરી બે વર્ષ કરતાં ઓછી ન હોય તેઓને પણ આપવો.

## નિયમ-12 ખર્ચ માટે હિસાબી સદર :

આ નિયમો હેઠળ જે નાણાકીય સુવિધા પૂરી પાડવામાં આવેલ છે. તે અંગેનો ખર્ચ યોગ્ય્ અંદાજે સદરે પાડવો.

## નિયમ - 13 લાભોની મંજૂરી માટે સક્ષમ અધિકારી :

આ પ્રકારના રોગો અંગે આ નિયમોને આધીન દરેક પ્રકારના લાભો કચેરીના વડા જે સંબંધિત કર્મચારીની નિમણુંક કરવા સક્ષમ છે, તેમને આ પ્રકારની રજા મંજૂર કરવાની સત્તા રહેશે.

## નિયમ-14 : ફરજ પર હાજર થયા બાદ મળવાપાત્ર નાણાંકીય સહાય :

આ પ્રકારના રોગથી પીડાયા પાછી ફરજ પર હાજર થવા લાયક જાહેર કરવામાં આવેલા સરકારી કર્મચારીને વધારાના ખોરાક તથા દવાઓ અને શક્તિવર્ધક દવાઓનું ભથ્થું નિયમ-7- (ફ)(2) પ્રમાણે મળવાપાત્ર છે. આ ભથ્થું સિવિલ સર્જન અથવા અધિકૃત તબીબી ચિકિત્સકની વધારાના ખોરાક, દવાઓ અને શક્તિવર્ધક દવાઓની ભલામણ પ્રમાણે સરકારી કર્મચારી ફરજ પર હાજર થાય તે તારીખથી નવ માસ સુધી મળવાપાત્ર છે.

આ નિયમો સરકારી કર્મચારીઓ અને જેમને ગુજરાત રાજ્ય સેવા (તબીબી સારવાર) નિયમો લાગુ પડે છે. તેમને પણ લાગુ પડશે.

(વિકલ્પ સ્વીકૃતિ પત્ર)

(2) આથી તેમને/તેણીને તબીબી ભથ્થું મેળવવાનો વિકલ્પ આપેલ છે ગ્રાહ્ય રાખવામાં આવે છે/આવતો નથી. 19........ થી 19...... ના નાણાંકીય વર્ષ માટે મહિનાથી તેમને/તેણીને તબીબી ભથ્થું મંજૂર કરવામાં આવે છે/ આવતું નથી. (3) સંબંધિત કર્મચારી વિકલ્પની નોંધ સર્વિસ કાર્ડ/સેવાપોથી/સર્વિસરોલ/હંગામી રજિસ્ટરમાં છે.

(નિયંત્રણ સત્તાધિકારીની સહી)

• • • •

નોંધ :- ઉપરના અ (2) ની વિગત જે કર્મચારીઓને લાગુ પડતી હશે તેવા, કર્મચારીઓના કિસ્સામાં સંબંધિત કર્મચારીના સત્તાધિકારીઓએ કર્મચારીઓના એક-એક નકલ પરસ્પર અદલા-બદલી મોકલી આપવાની રહેશે.